**ફોજદારી કેસ નં.૧૯૮૧/૨૦૨૧ ના કામે આંક ૦૧ લગત હુકમ**

આજરોજ આ કામ દૈનીક બોર્ડમાં નીકળતા હાથ ઉપર લઈ રેકર્ડ વંચાણે લેતા, આ કામે તારીખ ૨૨/૧૦/૨૦૨૧ નાં રોજ ફોજદારી કેસ નં. ૧૯૮૧/૨૦૨૧ થી તપાસ કરનાર અમલદાર ધ્વારા ચાર્જશીટ કરવામાં આવેલ છે જે ચાર્જશીટ આ કામે ગુજરાત પ્રોહિબીશન એકટ ૧૯૪૯ ની કલમ ૮૫ (૧)(૩) મુજબની જોગવાઈ મુજબ હાલનુ ચાર્જશીટ કરવામાં આવેલ છે આ કામે ( મેડીકલ એકઝામીનેશન એન્ડ બલ્ડ ટેસ્ટ) રૂલ્સ, ૧૯૫૯ – રૂલ્સ – ૪ તે મેન્ડેટરી  જોગવાઈ છે પરંતુ આ કામે તપાસ કરનાર અમલદાર ધ્વારા હાલના આરોપીનુ બલ્ડ ટેસ્ટ લેવામાં આવેલ છે તે અંગેનુ મેડીકલ સર્ટીફીકેટ રજુ થયેલ છે પરંતુ આ કામે ફોર્મ બી,સી રજુ થયેલ નથી તેથી આ કામે નામદાર વડી અદાલતનો ચૂકાદો વંચાણે લેવો જરૂરી જણાઈ આવે છે  STATE OF GUJARAT VS BAPUJI SAVAJI 1990 GLH 451, (A) Bombay prohibition act 1949  Section 66 (1) and 85 (1) (3) Bombay Prohibition ( Medical Examination and Blood Test ) Rules, 1959 - Rule 4 is Mandatory Provision - Form the evidence it is  not clear whether the sample of blood was accompanied by a forwarding letter in form B being a fascimile of the seal or monogram used for sealing the phile of the sample blood of accused - Further sample of blood did not reach the chemical  Analyser within seven days of its collection  - mandatory provision of Rules 4 (1) and (2) violated - acquittal confimed. પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ આ કામે  ( મેડીકલ એકઝામીનેશન એન્ડ બલ્ડ ટેસ્ટ) રૂલ્સ, ૧૯૫૯ – રૂલ્સ – ૪ તે મેન્ડેટરી જોગવાઈનુ પાલન થયેલ છે કે કેમ તે દર્શાવવા માટે તપાસ કરનાર અમલદારશ્રી  ધ્વારા ચાર્જશીટ સાથે ફોર્મ બી,સી રજુ થયેલ નથી તેથી આરોપીના લોહીના નમુના લીધા બાદ તેમાં આલ્કોહોલનુ પ્રમાણ કેટલુ હતુ ?. કે નિયત કરેલ કાર્યવાહી મુજબ  લેવામાં આવેલ હતુ કે કેમ ?. તથા  લોહીના નમુના લઈને સાત દિવસમાં મોકલવામાં આવેલ હતુ કે કેમ ?. તે હકીકત મેડીકલ પુરાવા પરથીજ પુરવાર થઈ શકે અને તે ( મેડીકલ એકઝામીનેશન એન્ડ બલ્ડ ટેસ્ટ) રૂલ્સ, ૧૯૫૯ – રૂલ્સ – ૪ તે મેન્ડેટરી જોગવાઈનુ પાલન થયેલ હોય તો જ  આ કામે આરોપી વિરૂધ્ધ કોગ્નીઝન્સ લઈ શકાય પરંતુ મેન્ડેટરી જોગવાઈનુ પાલન થયેલ ન હોય તો આરોપીને બિનતહોમત મુકત કરવો જોઈએ તેમ અત્રેની અદાલતનુ માનવુ છે આ કામે રેકર્ડ વંચાણે લેતા તપાસ કરનાર અમલદાર ધ્વારા ચાર્જશીટ આ કામે ગુજરાત પ્રોહિબીશન એકટ ૧૯૪૯ ની કલમ ૮૫ (૧)(૩) મુજબની જોગવાઈ મુજબ હાલનુ ચાર્જશીટ કરવામાં આવેલ છે પરંતુ આ કામે આરોપીના લોહીના નમૂના લીધેલ છે તે અંગે આ કામે એફ.એસ.એલ રીપોર્ટ રજુ થયેલ નથી કે આજની દિન સુધી પણ અત્રેની અદાલતમાં રજુ કરેલ નથી અને સદર ગુન્હા હેઠળ આરોપી વિરૂધ્ધજતીનભાઈ ગઢવી કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવે તો પણ સદર હકીકતનો લાભ આરોપીને મળવા પાત્ર છે આમ કેસના પરિણામમાં ફેર પડે તેમ જણાઈ આવતુ નથી તેથી ચાર્જશીટ વંચાણે લેતા હાલના આરોપી વિરૂધ્ધ ગુજરાત પ્રોહિબીશન એકટ ૧૯૪૯ ની  કલમ ૮૫ (૧)(૩) મુજબના ગુન્હાનુ કોગ્નીઝન્સ લઈ શકાય નહી તેથી હાલના આરોપીનાઓના મેડીકલ પુરાવાના અભાવે આરોપીને બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરવો ન્યાયિ અને ઉચિત જણાઈ આવે છે તેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે

**હુકમ**

આ કામના આરોપી પ્રવિણભાઈ વણકર  નાઓને ગુજરાત  પ્રોહિબીશન એકટ ૧૯૪૯ ની કલમ ૮૫ (૧) મુજબના ગુન્હા માંથી બિનતહોમત છોડી મુકવામાં આવે છે.

હાલનુ ચાર્જશીટ દફતરે કરવામાં આવે છે.

જામીન ખત રદ ગણવા.

હુકમ આજરોજ  તારીખ. ૯ મી, માહે નવેમ્બર, ૨૦૨૨ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવીં જાહેર કર્યો.

કપડવંજ

તા. ૦૯–૧૧–૨૦૨૨.

(બી.એચ.ભટ્ટ)

જયુડી. મેજી. ફ. ક.

કપડવંજ.

JUDGE CODE NO.GJ-01522